***ફોજદારી કેસ નં. ૧૧૫૫/૨૦૧૯***

**<u>– : આંક : ૫૧ લગત હુકમ : –</u>**

(૧) અરજી વંચાણે લીધી. અરજી સંબંધે ચાર્જશીટના કાગળો ધ્યાને લીધા તથા આરોપી અને સરકાર તરફે સરકારી વિ.વકીલશ્રીને સાંભળ્યા.

(૨) અરજીની હકીકત એવી છે કે, આરોપી નં. ૧ નાએ હાલના ગુનામાં કોઈ ભાગ બજવેલ નથી કે ફરિયાદીને કોઈ લાલચ કે પ્રલોભન આપેલ નથી કે કાવતરામાં સામેલ નથી. આ કામે પોલીસે હાલના આરોપીને ખોટી રીતે ગુનામાં સંડોવી દીધેલ છે. આરોપી વિરુધ્ધ ઈ.પી.કો.કલમ – ૪૦૬, ૪૧૯, ૪૨૦, ૧૧૪ તથા ૧૨૦(બી) મુજબનું તહોમતનામું ફરમાવી શકાય નહિ. જેથી આરોપીને બિનતહોમત છોડી મૂકવા અરજ કરેલ છે.

(૨/૧) વધુમાં, આરોપીની રજૂઆત છે કે તપાસના અંતે ચાર્જશીટના કાગળો તથા ગુનાની વિગતો જોતા આરોપીએ કોઈ આક્ષેપિત ગુનામાં કોઈ ભાગ ભજવેલ હોય તેવું તપાસના પેપર્સમાંથી નીકળી આવતું ન હોય બિનતહોમત છોડી મૂકવા રજૂઆત કરેલ છે.

(૨/૨) આરોપી તરફે વિ.વકીલશ્રી ધ્વારા નીચે મુજબના ચુકાદાઓ રજૂ કરેલ છે જે માનસહ વંચાણે લીધા.

(1) 2006 (1) G.L.H. 324
Amrish Devenarayan Rajput Vs.
The State of Gujarat

(2) 2000 (2) G.L.H. 97
Nanubhai Vastabhai Katariya Vs.
State of Gujarat

આમ, ઉપરોકત રજૂઆતોના અંતે આરોપી નરેન્દ્રભાઈ વેલજીભાઈ પરમારને બિન તહોમત છોડી મૂકવા રજૂઆત કરેલ છે.

(૨/૩) આરોપી તરફે વિ.વકીલશ્રીની દલીલ છે કે, ગુના સંબંધે આરોપીનો કોઈ જગ્યાએ ગુનામાં રોલ નથી આરોપીનું નામ કોઈપણ જગ્યાએ દર્શાવેલ નથી. આ સંજોગોમાં આરોપીએ ગુનો બનતો ન હોય આરોપીને બિન તહોમત છોડી મૂકવા

અરજ કરેલ છે. આરોપીને વિના કારણે ટ્રાયલમાં સંડોવવું પડે તેથી અરજી મંજૂર કરવા રજૂઆત કરેલ છે.

(૩) આ કામે વિ.સરકારી વકીલશ્રીએ હાલની અરજી અન્વયે શેરો કરેલ છે કે, સદર ગુનો ગંભીર પ્રકારનો હોઈ ગુનાની ગંભીરતા, સજાની જોગવાઈ તેમજ આ કામના આરોપી સામે પ્રાઈમાફેસી કેસ હોઈ તેમજ સદર ગુનો ગંભીર પ્રકારનો હોઈ આ તમામ હકીકતોને નિગાહે લઈ આ કામના આરોપીની ડિસ્ચાર્જ અરજી મંજૂર કરવા સામે સખ્ત વાંધો છે.

(૪) હાલના આરોપીની અરજી સી.આર.પી.સી. કલમ–૨૩૯ મુજબની હોઈ તે ધ્યાને લેવી જરૂરી છે.

> કલમ–૨૩૯. આરોપીને કયારે છોડી મૂકવો જોઈશે.
> પોલીસ રિપોર્ટ તથા તેની સાથે કલમ–૧૭૩ હેઠળ મોકલાયેલ તમામ દસ્તાવેજો વિચારણામાં લીધા પછી અને મેજિસ્ટ્રેટને જરૂરી જણાય તો આરોપીની જુબાની લીધા પછી અને ફરિયાદપક્ષ અને આરોપીને સુનાવણીની તક આપ્યા પછી મેજિસ્ટ્રેટને આરોપી વિરુધ્ધનું તહોમત વજૂદ વગરનું લાગે તો તેણે છોડી મૂકવો જોઈશે, અને તેમ કરવાનાં પોતાના કારણોની તેણે નોંધ કરવી જોઈશે.

(૫) ઉપરોકત કાયદાની જોગવાઈ ધ્યાને લઈ હાલની અરજીનું મૂલ્યાંકન કરવું જરૂરી જણાય છે. આ કામે સૌ પ્રથમ ફરિયાદીની ફરિયાદ જોવામાં આવે તો એવા પ્રકારની છે કે આરોપી હિતેષ વેલજી નાઓએ ભારતીય સેનાના બોર્ડર ઉપર ચાલતા કામો માટે અલગ અલગ ટેન્ડર ભરવા બાબતેની વાતો કરી અને જો ટેન્ડરનું કામ જોઈતું હોય તો આગોતરા (પૂર્વ આયોજિત કાવતરા)ની તૈયારી સાથે સીકયુરીટી ડિપોઝિટ તથા એડવાન્સ ટેક્ષ તથા સેન્ટ્રલ એકસાઈઝ ડયૂટી તથા ગવર્મેન્ટના એડવાન્સ પેમેન્ટ ચેકના જામીનગીરી માટે બોન્ડ પેટેની રોકડ રકમ આપવા બાબતની વાતો કરી અને ભારતીય સેનાના ખોટા અધિકારીઓના નામ ધારણ કરી ફોન ઉપર ફરિયાદી તથા સાહેદોને વિશ્વાસમાં લઈ અલગ અલગ સમયે અલગ અલગ જગ્યાએ કુલ્લ રૂા.૧,૨૭,૦૦,૦૦૦/– (એક કરોડ સત્યાવીસ લાખ) લઈ લીધેલ અને તેવામાં તેની સાથે અન્ય સેનાના ખોટા નામ વાળા અધિકારીઓ બની ફોન ઉપર

હિન્દીમાં વાત કરી અને વિશ્વાસમાં લઈ તથા ત્યાર બાદ સહઆરોપીઓએ ફરિયાદીને પૈસા મળી જશે તેવી વાતો કરેલ તેમ છતાં પૈસા બાબતે કોઈ જવાબ આપેલ નહિ. જેથી ખોટા બહાના બનાવી અને નરેન્દ્રભાઈ તથા માવુભા વાઘેલા આ પૈસા પરત મળી જશે તેની જવાબદારી લઈ તેમ છતાં પૈસા પરત આપેલ ન હોય હાલની ફરિયાદ આપવામાં આવેલ છે. જે ફરિયાદ પોલીસ સ્ટેશન સમક્ષ નોંધવામાં આવતા ઈ.પી.કો.કલમ–૪૦૬, ૪૧૯, ૪૨૦, ૧૧૪ તથા ૧૨૦(બી) મુજબની એફ.આઈ.આર. નોંધવામાં આવેલ અને પોલીસ દ્વારા તપાસના અંતે સી.આર.પી.સી. કલમ–૧૭૩ હેઠળ હાલનું ચાર્જશીટ રજૂ કરેલ છે.

(૬) ફરિયાદીની ફરિયાદ વાંચતા જણાઈ આવે છે કે, આરોપી હિતેશ વેલજીએ બનાવ સંબંધે ફરિયાદી, સાહેદો સાથે છેતરપિંડી કરી પૈસા લીધેલ અને તે રકમ પરત માંગતા હાલના આરોપી નરેન્દ્ર વેલજી પરમાર તથા માઉભા નરપતસિંહ વાઘેલાએ પૈસા પાછા મળી જશે તેની બાહેંધરી આપેલ. આમ, હાલના આરોપી વિરુધ્ધ પ્રથમ દર્શનીય રીતે ફરિયાદીએ નામજોગ ફરિયાદ આપેલ છે. હાલના આરોપી નરેન્દ્રભાઈએ પણ ફરિયાદીને રકમ અપાવવા માટે બાંહેધરી અને વિશ્વાસ આપેલ છે જે વિશ્વાસનો ભંગ થયેલ છે અને ફરિયાદીના પૈસા પરત મળ્યા ન હતા અને ફરિયાદ વાંચતા આ તબકકે પ્રથમ દર્શનીય રીતે હાલના આરોપીએ સદર ગુનામાં રોલ જણાય છે.

(૭) વધુમાં, આ જ હકીકત ફરિયાદી, સાહેદ નવીનભાઈ, સાહેદ વિજયભાઈએ પોલીસ દ્વારા નોંધવામાં આવેલ નિવેદનમાં પણ સમર્થન મળે છે. આમ, આ તબકકે આરોપીનો ગુના સંબંધે કોઈ ભાગ ભજવેલ ન હોવાની હકીકત સંતોષકારક જણાતી નથી.

(૮) વધુમાં, આ કામે કેસનું રેકર્ડ ધ્યાને લેતાં જણાઈ આવે છે કે આરોપીઓ લાંબા સમયથી કોર્ટ સમક્ષ કોર્ટ કાર્યવાહીમાં હાજર રહેતા ન હોઈ વોરંટ ઈસ્યુ કરેલ, જે રદ્દ કરવા છતાં આરોપી હાજર રહેલ નથી. તે દર્શાવે છે કે આરોપી કાયદાની પ્રક્રિયામાં સહકાર આપતા નથી. સદર કેસ લાંબા સમયથી તહોમતનામું

ઘડવા માટે છે પરંતુ આરોપીની ગેરહાજરીના કારણે સદર કેસ વિલંબિત બને છે.

(૯) આમ, ઉપરોકત તમામ સંજોગો અને કારણો ધ્યાને લેતાં, આરોપીઓ વિરુધ્ધ ફરિયાદપક્ષે રજૂ કરેલ ચાર્જશીટ તથા સંલગ્ન કાગળો ધ્યાને લેતાં, હાલના આરોપીઓ વિરુધ્ધ ગુનાની ટ્રાયલ ચલાવી શકાય તેટલી હકીકત રેકર્ડ ઉપર છે. એ પણ નોંધપાત્ર હકીકત છે કે આરોપીની વર્તણૂંક પણ ન્યાયની પ્રક્રિયામાં સહકાર આપનાર ન હોય ત્યારે આ પ્રકારની અરજીથી ટ્રાયલની કાર્યવાહી વિલંબિત બનતી હોય નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

– : : હુ ક મ : : –

હાલની આંક : ૫૧ વાળી અરજી નામંજૂર કરવામાં આવે છે.

હુકમ આજ તારીખ : ૧૮ મી, માહે : જૂન, સને : ૨૦૨૪ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી મારી સહી કરીને જાહેર કરવામાં આવ્યો.

તારીખ : ૧૮/૦૬/૨૦૨૪
ભુજ–કચ્છ.

**( કે. સી. જોષી)**
ત્રીજા અધિક ચીફ જયુડીશિયલ મેજિસ્ટ્રેટ ,
ભુજ–કચ્છ. GJ 01132